

વ્યાજખોરોના ચક્રમાંથી લોકોને બચાવવા પોલીસ મેદાનમાં

વાંચો પેજ નં. 10

RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

RNI No.: GUJGUJ/2023/87652

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 11 July 2024, Thursday | Page : 10 | Year : 1 | Issue : 227 | Price: 2/-

# ‘યુદ્ધના મેદાનથી સમસ્યાઓનું નિરાકરણ નહીં આવે’: PM મોદી



## ઓસ્ટ્રિયામાં મોદીએ UNSCમાં રિફોર્મનો મુદ્દો ઉઠાવ્યો

## ભારતની વાત આખી દુનિયા સાંભળે છેઃ ઓસ્ટ્રિયાના ચાન્સેલર નેહમર

ભારત હેડલાઈન, તા.૧૦

વડાપ્રધાન મોદી તેમની ૨ દિવસની મુલાકાતે ઓસ્ટ્રિયામાં છે. રાત્રે ગાર્ડ ઓફ ઓનર દ્વારા સ્વાગત બાદ મોદી ઓસ્ટ્રિયાના પીએમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અહીં તેમનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. મોદીએ વિઝિટર બુકમાં પોતાની સહી કરી. આ દરમિયાન ઑસ્ટ્રિયાના ચાન્સેલર કાર્લ નેહમર તેમની સાથે રહ્યા. બંનેએ બિઝનેસ અંગે ચર્ચા કરી.

આ પછી પીએમ મોદીએ ચાન્સેલર નેહમેર સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી. મોદીએ આ પ્રસંગે પુનરોચ્ચાર કર્યો હતો કે યુક્રેન સંકટનો ઉકેલ યુદ્ધના મેદાનમાં નહીં મળે. તેમણે આતંકવાદની પણ સખત નિંદા કરી હતી. આ પહેલા વડાપ્રધાન મોદી જ્યારે એરપોર્ટથી હોટેલ રિટ્ઝ-કાર્લટન પહોંચ્યા ત્યારે તેઓ ત્યાં ભારતીયોને મળ્યા હતા. અહીં તેમને આવકારવા વંદે માતરમની ધૂન વગાડવામાં આવી હતી. આ પછી વડાપ્રધાન મોદી સ્ટેટ ડિનર માટે ઓસ્ટ્રિયાના ચાન્સેલર કાર્લ નેહમરને મળવા પહોંચ્યા. નેહમરે મોદી સાથે સેલ્ફી લીધી. મોદી ઓસ્ટ્રિયાના રાષ્ટ્રપતિ એલેક્ઝાંડર વેન ડેર બેલેને પણ મળશે. તેઓ વિયેનામાં ભારતીય સમુદાયના લોકોને પણ સંબોધન કરશે. મોદી ૪૧ વર્ષ બાદ ઓસ્ટ્રિયાની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન છે. આ પહેલા ઈન્દિરા ગાંધી ૧૯૮૩માં ઓસ્ટ્રિયાના પ્રવાસે ગયા હતા. પ્મ મોદી અને ચાન્સેલર કાર્લ નેહમરે ભારત-ઓસ્ટ્રિયા બિઝનેસ મીટિંગમાં હાજરી આપી. બંને ઉપરાંત ભારત અને ઓસ્ટ્રિયાના ૪૦ સીઈઓએ આ બેઠકમાં ભાગ લીધો હતો.



# સિક્કિમ રાજ્ય થયું ‘વિપક્ષ મુક્ત’

## સિક્કિમના તમામ ધારાસભ્યો NDA ગઠબંધનમાં જોડાઈ ગયા

ભારત હેડલાઈન, તા.૧૦

સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટના (SDF) એકમાત્ર ધારાસભ્ય તેનઝિંગ નોર્બુ લામથા શાસક પક્ષ સિક્કિમ ક્રાંતિકારી મોરચામાં (SKM) જોડાઈ ગયાં છે. સત્તા પક્ષમાં લામથાના જોડાવવાથી સિક્કિમમાં હવે વિપક્ષના કોઈ ધારાસભ્ય રહ્યાં નથી. સિક્કિમની વિધાનસભા ચૂંટણીમાં સિક્કિમ ક્રાંતિકારી મોરચા અને ભારતીય જનતા પાર્ટીએ બંને અલગ રહીને ચૂંટણી લડ્યાં હતા. જ્યારે કેન્દ્રમાં જઊંખ પાર્ટી ભાજપના નેતૃત્વ વાળા ગઉઅ માં જોડાયેલી હોવાથી હવે સિક્કિમમાં એક પણ વિપક્ષના નેતા રહ્યાં નથી.

સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગે સોશિયલ મીડિયાના માધ્યમ ફેસબુક પર પોસ્ટ કરીને જાણકારી આપી હતી કે, ‘આજે મને મારા સરકારી આવાસ ખાતે ૨૩-સ્યારી વિધાનસભા બેઠકના ધારાસભ્ય તેનઝિંગ નોર્બુ લામથાને મળી ખૂબ જ આનંદ થયો છે. તેઓ સત્તાવાર રીતે આપણાં SKM પરિવારમાં જોડાઈ ગયાં છે,’ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, લામથાએ પોતાના મતવિસ્તારને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. આ સાથે એક વ્યાપક વિકાસની યોજનાના ભાગરૂપે તેમના મતવિસ્તારના લોકોની સમસ્યાનો નિકાલ કરવામાં આવશે.

# UPના ઉન્નાવમાં ગમખ્વાર અકસ્માત, 18નાં મોત

ભારત હેડલાઈન, તા.૧૦

ઉત્તરપ્રદેશના ઉન્નાવમાં બુધવારે સવારે ૫.૧૫ વાગ્યે ડબલ ડેકર બસ અને ટેન્કર વચ્ચે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં બસમાં સવાર ૧૮ મુસાફરોનાં મોત થયાં હતાં. ૧૯ ઘાયલ છે. મૃતકોમાં ૧૪ પુરુષો, ૨ મહિલાઓ અને ૨ બાળકોનો સમાવેશ થાય છે. બસ બિહારના સિવાનથી દિલ્હી જઈ રહી હતી.

આ અકસ્માત લખનઉ-આગ્રા એક્સપ્રેસ વે પર બાંગરમઉ કોતવાલી પાસે થયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બસનો ડ્રાઈવર સાઈડનો ભાગ સંપૂર્ણપણે કચ્ચરઘાણ થઈ ગયો હતો. મુસાફરો બહાર પડ્યા હતા. ત્યાં તેમનું મૃત્યુ થયું. અકસ્માતનો વીડિયો સામે આવ્યો છે. રોડ પર મૃતદેહો વિખરાયેલા જોવા મળે છે.

પોલીસે જણાવ્યું કે બસ દૂધના ટેન્કરને ઓવરટેક કરી રહી હતી. આ દરમિયાન તે બેકાબૂ થઈ જતા ટેન્કર સાથે અથડાતા પલટી મારી ગઈ હતી. ૧૮ મૃતકોમાંથી ૧૬ની ઓળખ હજુ થઈ નથી. ૧૫ ઘાયલોની બાંગરમઉ સીએચસીમાં સારવાર ચાલી રહી છે. ૪ ગંભીર રીતે ઘાયલોને લખનૌ ટ્રોમા સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા છે.



બિહારથી દિલ્હી જઈ રહેલી ડબલ ડેકર બસ દૂધના ટેન્કર સાથે અથડાઈ, હાઈવે પર લાશોનો ઢગલો

### રાજકીય આગેવાનો, સરકારી અધિકારીઓ અને કથિત દાવાઓ કરતા જમીન માલિકોથી સીતારામ સોસાયટીના રહીશોને કોણ બચાવશે?

# સીતારામ સોસાયટીની કરોડોની જમીન હડપ કરી લેવા મોટા માથાઓની મેલી મુરાદ

## મોટામવામાં આવેલી સોનાની લગડી કરતાય કિંમતી જમીન પર વર્ષોથી રહેતા સામાન્ય માણસોને હાંકી કાઢી કોમર્શિયલ-રેસિડેન્શિયલ પ્રોજેક્ટ ખડકી રૂપિયા કટકટાવવાનો કારસો




ભારત હેડલાઈન, તા.૧૦


રાજકોટમાં આવેલા મોટામવાના ટીપી સ્કીમ નં.૧૦ના સર્વે નં.૫૦ પૈકીના ૧/૨ ઓપી નં.૭૨ના એબીસીમાં સીતારામ પાર્ક સોસાયટી આવેલી છે. આ સૂચિત સોસાયટીમાં અંદાજે અઢી દસકથી કેટલાય લોકો વસવાટ કરી રહ્યાં છે, વેપારીઓ ધંધો-રોજગાર જમાવી બેઠા છે. હવે આ કરોડોની જમીન ફરી એકવાર વિવાદમાં આવી ચર્ચાના ચગડોળે ચઢી રહી છે. કારણ છે, જે રીતે આનંદનગર અને દૂધની ડેરીની પાસે આવેલા હાઉસિંગ બોર્ડના મકાનોની જમીન પર રાજકીય નેતાઓનો દાનત બગડી છે તે રીતે સીતારામ પાર્ક સોસાયટીની કરોડો જમીન મામલે પણ રાજકીય નેતાઓની મેલી મુરાદ ચરમસીમાએ પહોંચી રહી છે. વર્ષો જૂના આ આખાય પ્રકરણમાં રાજકીય નેતાઓ સાથે મળી સ્થાનિક તંત્રના અમુક અધિકારીઓ પણ પોતાના હાથ કાળા કરી ચૂક્યા છે. આ તકે રાજકીય આગેવાનો, સરકારી અધિકારીઓ અને કથિત દાવાઓ કરતા જમીન માલિકોની સ્વાર્થવૃત્તિથી સીતારામ સોસાયટીમાં વસવાટ તેમજ ધંધો-રોજગાર કરતા નાના-મધ્યમ માણસોને સુરક્ષિત કરવા જરૂરી જણાય રહ્યા છે. ખાસ કરીને સીતારામ સોસાયટીની વિવાદાસ્પદ જમીન હડપ કરવા કેટલાય સમયથી ધમપછાડા કરી રહેલા ભૂમાફિયાઓને ભો ભેગા કરવા આવશ્યક બન્યા છે. 'ભારત હેડલાઈન' શહેરના મોટામવામાં આવેલી બિનખેતી થયા વિનાની ખાનગી માલિકીની જમીન પર ઉભી થઈ ગયેલી કહેવાતી સૂચિત સોસાયટીનું સત્ય બહાર લાવવા કટિબદ્ધ છે. સીતારામ પાર્ક સોસાયટીની જગ્યામાં સરકારી ચોપડે ટીપી સ્કીમમાં આવાસ યોજનાનો પ્લોટ બતાવવામાં આવ્યો છે. કેટલાક લોકો આ જગ્યા પોતાની હોવાનો દાવો કરે છે તો કેટલાક લોકો આ જગ્યા સૂચિત હોવાનું જણાવે છે. જો ભૂતકાળની વાત કરીએ તો આજથી પાંચ વર્ષ પૂર્વે ૨૧ જાન્યુઆરી-૨૦૧૯ના રોજ અહીંના લોકોને જગ્યા ખાલી કરવા નોટિસ આપવામાં આવી હતી. એ સમયે સોસાયટીના રહેવાસી-વેપારીઓએ રૂડા, કલેક્ટર કચેરી અને મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી સૂચિત સોસાયટી કાયદેસર કરવા માંગ કરી હતી. વળી કોરોના આવતા આ વાત કોરણે ચઢી ગઈ હતી. કોરોનાકાળ હળવો થતા અને રાજ્યમાં રૂપાણી સરકારની જગ્યાએ પટેલ સરકાર આવતા આજથી એકાદ વર્ષ પૂર્વે મે-૨૦૨૩માં ટીપી શાખા દ્વારા સીતારામ સોસાયટીના ૧૫૦ જેટલા મકાનધારકોને રહેણાંક ખાલી કરવા માટે નોટિસ આપવામાં આવી હતી. પરંતુ રાજકીય નેતા, મંત્રી અને ધાર્મિક સંસ્થાના વડાની ભલામણથી બધુ જ અટકાવી દેવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે, હાલ સીતારામ સોસાયટીનો મામલો કલેક્ટર તંત્રમાં પહોચ્યો છે, દિવાની મેટર બની ચૂક્યો છે પણ મૂળ બાબત એ છે કે, નાનામવા વિસ્તારમાં આવેલી આ બિનખેતીની ખાનગી જગ્યાની કિંમત કરોડોમાં છે. કહેવાતી સૂચિત જગ્યાના જે-તે સમયે દસ્તાવેજથી લઈ કુલમુખ્યત્યારનામા પણ થઈ ચૂક્યા હોવાનું જાણવા મળે છે. અલબત્ત એક કુલમુખ્યત્યારનામામાં તો પૂર્વ ધારાસભ્યનું નામ ચોપડે નોંધાયેલું છે. વર્ષોથી વિવાદો વચ્ચે ઘેરાયેલી અને સોનાની લગડી કરતાંય કિંમતી આ જમીનમાં મોટા માથાઓને પગ જમાવી મસમોટા કોમર્શિયલ-રેસિડેન્શિયલ પ્રોજેક્ટ ખડકી અબજો રૂપિયા કટકટાવી લેવા છે પણ આ બધામાં સીતારામ સોસાયટીમાં છેલ્લા ૨૫-૨૫ વર્ષથી રહેતા સામાન્ય માણસોનું શું? ક્યાં પ્રકારે રાજકીય પક્ષ, સરકારી તંત્રના દુરુપયોગ દ્વારા નાનામવા વિસ્તારમાં આવેલી સીતારામ પાર્ક સોસાયટીમાં ગોટાળાઓ ઉભા કરી ભૂમાફિયાઓએ આખું ષડ્યંત્ર રચ્યું તેની વાત હવે પછી.

### સીતારામ સોસાયટીની જગ્યા પર રાજકીય નેતા, મંત્રી અને ધાર્મિક સંસ્થાના વડાની મેલી નજર?

મોટામવામાં આવેલી સીતારામ સોસાયટીની જગ્યા પર એક જ રાજકીય પક્ષના અલગલગ જૂથ પોતાનું વર્ચસ્વ જમાવવા મેદાને પડ્યા છે. અધૂરામાં પૂરું આ જ જગ્યા પર અન્ય એક રાજકીય પક્ષના પૂર્વ ધારાસભ્યનું કુલમુખ્યત્યારનામું છે. મોટા માથાઓની જગ્યા હડપ કરી લેવાની હરિફાઈ વચ્ચે ભૂતકાળમાં જ્યારે-જ્યારે સરકારી તંત્ર દ્વારા સીતારામ સોસાયટીના રહીશોને કોઈપણ પ્રકારની નોટિસ આપવામાં આવી છે ત્યારે-ત્યારે રાજકીય નેતા, મંત્રી અને ધાર્મિક સંસ્થાના વડાએ તંત્ર-સરકાર પર દબાણ લાવીને ભીનું સંકેલવાનો પ્રયત્ન કર્યો છે. એવું કહેવાય રહ્યું છે કે, સીતારામ સોસાયટીની જગ્યા પર સત્તા પક્ષના જ એક રાજકીય નેતા, મંત્રી અને ધાર્મિક સંસ્થાના વડાની મેલી નજર રહેલી છે. જો ખાવા ન મળે તો ઢોળી નાખવું પણ બીજાના મોઢે ન આવવા દેવું એવી વૃત્તિ ધરાવતા રાજકીય આગેવાનો અને તેમનો હાથો બનેલા અધિકારીઓ સમગ્ર મામલે ક્યાં પ્રકારે કાયદા-નિયમને ઘોળીને પી ગયા છે તેનો અંદાજ તો આ પ્રકરણમાં ઊંડા ઉતરશું ત્યારે આવશે.

## રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ પીડિત પરિવારને મળ્યા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



# રાહુલ ગાંધી અને જીજ્ઞેશ મેવાણીએ TRP ગેમઝોન અગ્નિકાંડના પીડિત પરિવાર માટે દાખવેલી સાંત્વના બાદ ભાજપ સફાળું જાગ્યું

**રાહુલ ગાંધી દિલ્હીથી અમદાવાદ આવીને TRP ગેમઝોન અગ્નિકાંડના પીડિત પરિવારને મળ્યા પરંતુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરથી રાજકોટ પીડિત પરિવારને મળવા ન આવી શક્યા, પીડિત પરિવારને ગાંધીનગર તેડાવી મુલાકાત કરી**

### અફસોસ...

અગ્નિકાંડ પીડિત પરિવારોને મુખ્યમંત્રી સાથેની મુલાકાતમાં ઠાલા વચનો અને જુઠ્ઠા આશ્વાસન જ મળ્યા! ભાજપના મંત્રી અને ધારાસભ્ય પણ કશું નક્કર કહી કે જાહેરાત કરી ન શક્યા

ભાજપના નેતા, ધારાસભ્ય, કોર્પોરેટ અને કાર્યકરો પીડિત પરિવારની સહાય માટે દોડતા થયા પણ હવે મોડું થઈ ગયું : એક ભાજપીયો પીડિત પરિવારને ન્યાય અપાવવાની ક્ષમતા ધરાવતો ન હોવાથી અંતે તો કાચું કપાવવાની પૂરી શક્યતાઓ

વડાપ્રધાન મોદી ઝૂલતા પુલ દુર્ઘટના બાદ મોરબી આવ્યા હતા, એ સમયે ચૂંટણી માથે હતી અને મામલો જયસુખ પટેલ જેવા વગદાર વ્યક્તિ સાથે જોડાયેલો હતો એટલે? હવે નજીકના સમયમાં કોઈ ચૂંટણી નથી એટલે પ્રજાની પીડામાં રસ નથી?

રાજકોટ ટીઆરપી ગેમઝોન દુર્ઘટના પછી વડાપ્રધાન મોદી દુઃખ પ્રગટ કરવા સિવાય કશું કરી શક્યા નથી : શું આ દિવસ માટે રાજકોટની જનતાએ સૌપ્રથમવાર નરેન્દ્ર મોદીને અહીંથી ચૂંટી રાજકીય કારકિર્દીના શ્રીગણેશ કરાવ્યા હતા?

**સાગઠિયાને બલીને બકરો બનાવી આખોય મુદ્દો ભટકાવવાની ચાલ :** TRP અગ્નિકાંડ ઘટનામાં અસંખ્ય મુદ્દે સીટની તપાસ શંકાના પરિઘમાં : કોર્પોરેશનના અધિકારી સિવાય કોઈનો વાળ પણ વાંકો ન થાય તેવો તખ્તો ગોઠવાઈ ગયાની ચર્ચા

**ગેમઝોન અગ્નિકાંડમાં ભાજપના એકપણ નેતાને ઊની આંચ ન આવે અને અધિકારીઓ પર જ કાર્યવાહી થાય તો ન્યાય અધૂરો ગણાય,** સ્થાનિક તંત્રના અધિકારીઓ જેટલા જ ભાજપના પદાધિકારીઓ પણ ગુનેગાર હોવાનું દીવા જેટલું સ્પષ્ટ

### રાજકોટ TRP અગ્નિકાંડ બાદ પ્રથમ જનરલ બોર્ડ

# મનપા કચેરીએ ૧૮ જુલાઈના બેઠક યોજાશે

## કોંગ્રેસે ગેમઝોનની મંજૂરી અને સાગઠિયાના સમયની ટીપી સ્કીમો સહિતની માહિતી માગી

ભારત હેડલાઇન, તા.૧૦

રાજકોટમાં સર્જાયેલા ગોઝારા અગ્નિકાંડ બાદ આગામી ૧૮ જુલાઈએ સૌપ્રથમ જનરલ બોર્ડની બેઠક યોજાશે. જેમાં ભાજપનાં નગરસેવકો દ્વારા ગ્રાન્ટ, એક્શન પ્લાન, રેસકોર્સમાં રમત-ગમતની સુવિધાઓ તેમજ બગીચાની સંખ્યા જેવી માહિતી પૂછવામાં આવી છે. જોકે કોંગ્રેસ કોર્પોરેટરો લડી લેવાના મૂડમાં છે. જેને લઈને કોંગ્રેસના નગરસેવકો દ્વારા ગેમઝોનની મંજૂરીઓ, ચાર વર્ષની ડિમોલીશનની નોટીસ, સાગઠીયાના સમયકાળની ટીપી સ્કીમોની માહિતી માંગવામાં આવી છે. જનરલ બોર્ડમાં કુલ ૨૦ કોર્પોરેટરોના ૪૦ સવાલ છે. જેમાં કોંગ્રેસના ૮ સવાલ હોવાથી તડાફડી થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

લોકસભા ચૂંટણીની સૌથી લાંબી આચારસંહિતા અને ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગની ઘટના બાદ તા. ૧૮ જુલાઈના મનપાની સામાન્ય સભા બોલાવવા આજે મેયર નયના પેઢડીયાની સૂચનાથી સેક્રેટરીએ એજન્ડા બહાર પાડયો છે.

આ સભામાં ચાર મહિના બાદ પ્રજાના પ્રશ્નોની ચર્ચા થવાની છે. ત્યારે ડ્રોથી નક્કી કરાયેલા ક્રમમાં ભાજપના સભ્ય જયોત્સનાબેન ટીલાળાના બે પ્રશ્નો પ્રથમ ક્રમે આવ્યા છે. તો કોંગ્રેસના કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયાએ ટીઆરપી ગેમ ઝોનની મંજૂરી, અગાઉ લાગેલી આગ સહિતના પ્રશ્ન પૂછતા તેને બીજા ક્રમે જગ્યા મળી છે.

આ સભાના એજન્ડા પર કુલ ૧૦ દરખાસ્તો રહેલી છે. આજે સવારે કોર્પોરેટરો પ્રશ્નો મૂકવા પહોંચ્યા હતા અને ભાજપના ૧૭ તથા કોંગ્રેસના ૩ મળી ૨૦ કોર્પોરેટરોએ ૪૦ પ્રશ્નો રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે ભાજપના જયોત્સનાબેન ટીલાળાએ કેન્દ્ર અને રાજય સરકાર તરફથી મળેલી ગ્રાન્ટ અને તેમાંથી થયેલા કામ, એક વર્ષમાં એક્શન પ્લાન હેઠળ થયેલા કામોની વોર્ડવાઇઝ માહિતી માંગી છે.

બીજા ક્રમે કોંગી કોર્પોરેટર વશરામ સાગઠીયાનો પ્રશ્ન છે. જેમાં TRP ગેમઝોનમાં મનપાના ફાયર સેફટી વિભાગ, ટાઉન પ્લાનીંગ, ફૂડ વિભાગ અને જગ્યા રોકાણ વિભાગની મંજૂરી લેવાઈ હતી કે કેમ, ફૂડ વિભાગે કેટલાક સ્ટોલને મંજૂરી આપી હતી. ફાયર સેફટીનું એનઓસી લીધુ હતું કે કેમ, એસ્ટેટ અને ટીપી શાખાની મંજૂરી મેળવી હતી કે કેમ? તેમજ ૨૦૨૩ના સપ્ટેમ્બર માસમાં આ ગેમ ઝોનમાં આગ લાગી ત્યારે કયા ફાયર સ્ટેશનમાંથી પાણીના ટેન્કર ગયા હતા, કેટલા ટેન્કર ગયા હતા, ડ્રાઈવર અને ફાયરમેન, ગેમ ઝોનને ૨૬૦-૧ મુજબ નોટીસ અપાઈ હતી કે કેમ તે વિગતો પૂછી છે.

આ ઉપરાંત પ્રિ-મોન્સુન કામગીરીમાં વોંકળા, આજી નદીની સફાઈ, ત્યાં થયેલી કામગીરીની તારીખ વાઈઝ વિગત, આજી નદીની ચારેતરફ દબાણ અને બાવળના ઝાડ, ભારે વરસાદ થાય તો નુકસાનની જવાબદારી કોની, કેટલા ખાડા બુર્યા અને ડામર રોડ રીપેર કર્યા તેનો પ્રશ્ન પૂછયો છે. સાથે ગતવર્ષમાં જુન અને જુલાઈની તા. ૧૫ સુધીના મેલેરીયા, શરદી, મચ્છરજન્ય રોગચાળાના આંકડા અને ૨૦૨૪ના આંકડાઓની સરખામણી પૂછી તેઓએ પગલાની માહિતી પણ માંગી છે.

# રાજકોટમાં પ્રસંગો માટે ૨ હોલનાં બુકિંગ ચાલુ રહેશે

## ફાયર સેફ્ટીથી સજ્જ કરવા મનપાના ૨૧માંથી ૧૮ હોલ બંધ કરવાનો નિર્ણય

ભારત હેડલાઇન, તા.૧૦

રાજકોટનાં TRP ગેમ ઝોન અગ્નિકાંડ બાદ અંતે મનપાનું તંત્ર જાગ્યું છે અને રાજકોટ મનપાનાં બધા કોમ્યુનિટી હોલને ફાયર સેફટીથી સજ્જ કરવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત આગામી ઓગસ્ટ મહિનાથી ૨ સિવાયના તમામ હોલનાં નવા બુકિંગ બંધ કરી દેવામાં આવ્યા છે. ચાલુ મહિનામાં લગ્નસરાની સિઝન છે. આ મહિનામાં જ લગ્નના મુહૂર્ત હોવાથી અનેક પરિવારો દ્વારા લગ્નસરા ગોઠવાયેલા હતા પણ મહાપાલિકાએ ખાનગી હોલ, પાર્ટી પ્લોટમાં સીલ મારવાની કરેલી કામગીરીને પગલે અનેક પરિવાર માટે સમસ્યાઓ ઉભી થઈ છે, ત્યારે હવે મનપાના લગ્ન હોલ પણ આગામી માસથી ફાયર સિસ્ટમ માટે બંધ કરવામાં આવી રહ્યા છે.

### ૧૮ હોલમાં સેફ્ટીની કામગીરી કરાશે



સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતુ કે, મનપાના કોમ્યુનિટી હોલ પ્રમાણમાં સસ્તા અને સુવિધા સભર હોવાથી ગરીબ પરિવારો માટે લગ્નસરા કે અન્ય પ્રસંગો માટે તેની પહેલી પસંદગી હોય છે. મનપા ઓનલાઈન બુકિંગ સાઈટ ખોલે ત્યારે હોલ ગણતરીની મિનિટોમાં ફુલ થઈ જતા હોય છે. જોકે TRP અગ્નિકાંડ બાદ આ પૈકીના ઘણા હોલમાં આધુનિક ફાયર સિસ્ટમ નહીં હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેને પગલે ઓગસ્ટમાં આ કામગીરી કરવાનો નિર્ણય લેવાયો છે.

# RTOમાં ફોર વ્હીલરનો ટ્રેક બંધ, લોકો હેરાન-પરેશાન

## રાજકોટ શહેર, ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા લોકો ડ્રાઈવિંગ ટેસ્ટ આપી ન શકતા હોબાળો મચાવ્યો

ભારત હેડલાઇન, તા.૧૦

રાજકોટ RTO કચેરી ખાતે વરસાદને કારણે સેન્સર અને કેમેરો બંધ થઈ જતા ફોર વ્હીલરનું લાયસન્સ કઢાવવા ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા પહોંચેલા ૨૦૦ લોકોને હેરાનગતિ ભોગવવી પડી હતી. જેને કારણે આજે સવારે લાયસન્સ કઢાવવા આવેલા લોકોએ હોબાળો મચાવ્યો હતો અને RTO તંત્ર સામે પોતાનો રોસ ઠાલવ્યો હતો અને ફરિયાદ કરી હતી કે, અમે રાજકોટ જિલ્લાના અલગ-અલગ તાલુકાઓમાંથી આવી રહ્યા છીએ અને છેલ્લા ત્રણ-ત્રણ કલાકથી ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ હોવાથી લાયસન્સ કઢાવવા માટે ટ્રાય આપી શક્યા નથી. RTO અધિકારીને ફરિયાદ કરી હતી.

રાજકોટ છઠ્ઠા કચેરી ખાતે ફરી ફોર વ્હીલરનું લાયસન્સ કઢાવવા માટેનો ટ્રેક બંધ થઈ ગયો છે. આજે રાજકોટ શહેર ઉપરાંત જેતપુર, ધોરાજી, ઉપલેટા સહિતના ગ્રામ્ય વિસ્તારના ૨૦૦ લોકોની ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા માટેની એપોઈન્ટમેન્ટ હોવાથી RTO કચેરી ખાતે પહોંચ્યા હતા.

સવારથી ફોર વ્હીલરનું લાયસન્સ કઢાવવા માટે ભીડ જામી હતી પરંતુ, આ સમયે વરસાદને કારણે સેન્સર અને કેમેરા બંધ થઈ ગયા હતા. કલાકો સુધી ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક શરૂ ન થતા લોકોની ધીરજ ખૂટી હતી અને પોતાની સમસ્યાનો વીડિયો વાયરલ કર્યો હતો.

વાયરલ વીડિયોમાં તેમણે જણાવ્યું હતુ કે, અમે દૂર-દૂરના વિસ્તારોમાંથી અહીં લાઈસન્સ કઢાવવા માટે ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા આવ્યા છીએ પરંતુ, અહીં ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ છે.

બાદમાં ઈન્ચાર્જ RTO અધિકારી કેતન ખપેડને પૂછતા તેમણે જણાવ્યું હતું કે, વરસાદને લીધે સેન્સર અને કેમેરા સવારથી બંધ થઈ ગયા છે. જેને લીધે આજે લેવામાં આવેલી ૨૦૦ એપોઈન્ટમેન્ટના લોકોને નવી તારીખ આપવામાં આવશે.

# દ્વારકાના ધારાગઢ ગામે એક જ પરિવારના ૪ સભ્યનો આપઘાત



ભારત હેડલાઇન, તા.૧૦

જામનગરનાં માધવબાગ-૧માં રહેતાં એક જ પરિવારના ચાર સભ્યો ઝેરી દવા ગટગટાવી આપઘાત કર્યો. ધારાગઢ ગામ પાસેથી મૃતદેહ મળી આવતાં પોલીસ સ્થળ પર દોડી જઇ ચારે લાશનો કબજો મેળવી આપઘાત કરવાનું કારણ જાણવા ચારે દિશામાં તપાસ હાથ ધરી છે. ભાણવડ પંથકમાં સામૂહિક આપઘાત કરનાર હતભાગી પરિવાર મૂળ લાલપુરના મોડપર ગામના વતની અને હાલ જામનગરના માધવબાગ ખાતે રહેતા અશોકભાઈ જેઠાભાઈ ધુંવા (ઉં.વ.૪૨), લીલુબેન અશોકભાઈ ધુંવા (ઉં.વ.૪૨), જીગ્નેશભાઈ અશોકભાઈ ધુંવા (ઉં.વ.૨૦) અને કિંજલબેન અશોકભાઈ ધુંવા (ઉં.વ.૧૮) હોવાનું જાણવા મળ્યું છે.

## અમદાવાદમાં આંગડિયાના કર્મીઓને ફિલ્મી સ્ટાઇલમાં લૂંટ્યા

# રિક્ષામાં જતાં આંગડિયાના બે કર્મીના રૂ.૬૫ લાખ લૂંટી લીધા





ભારત હેડલાઇન, તા.૧૦

અમદાવાદ શહેરના એલિસબ્રિજ જિમખાના પાસે આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી રૂપિયા ૬૫ લાખની લૂંટ થઈ છે. લૂંટારાઓએ ઓટોરિક્ષામાં જઈ રહેલા આંગડિયા પેઢીના કર્મચારીઓ પર મરચાંની ભૂકી છાંટીને ધોળે દિવસે લૂંટી લીધા છે. બે શખ્સોએ આંગડિયા પેઢીના બે કર્મચારીઓ પર એરગનથી ફાયરિંગ અને પિસ્તોલનો ગોદો મારી લૂંટ ચલાવી હતી. ત્યાર બાદ બન્ને શખ્સ સીસીટીવીમાં પણ નાસતા જોવા મળ્યા હતા.

આર.કાંતિલાલ આંગડિયા પેઢીના કર્મચારીઓ બપોરે શાકભાજીના વેપારી પાસેથી રૂપિયા લઈને પોતાની ઓફિસ તરફ જઈ રહ્યા હતા ત્યારે એલિસબ્રિજ જીમખાનાની સામે એક્ટિવા પર આવેલા બે શખ્સોએ તેમના પર પહેલા મરચાની ભૂકી નાખી અને ત્યારબાદ તેમના માથામાં ઈજા પહોંચાડી ૪૦ લાખ રોકડ ભરેલો થેલો લઈને ફરાર થઈ ગયા હતા. લૂંટ કરીને નાસી છૂટેલા આરોપીના સીસીટીવી પણ સામે આવ્યા છે. આ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે હાલ આ લૂંટનો આંકડો ૪૦ લાખ હોવાનો પોલીસ જણાવી રહી છે. ઉલ્લેખનીય છે કે આંગડિયા પેઢીના માલિક ૬૫ લાખની લૂંટ થઈ હોવાનું જણાવી રહ્યા છે.

## અમદાવાદમાં ધોળા દિવસે બે જગ્યાએ જાહેરમાં ફાયરિંગ

ભારત હેડલાઇન, તા.૧૦

અમદાવાદમાં ૨૪ કલાકમાં બે જગ્યાએ બંદૂકથી ફાયરિંગ થયાની ઘટના સામે આવી છે. ગોમતીપુરમાં સામાન્ય એવી અથડામણની બાબતે યુવકે મહિલાને ડરાવવા માટે અજાણ્યા શખસો સાથે યુવતીના ઘર પાસે જઈને બંદૂકથી ફાયરિંગ કરીને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો તો બીજી તરફ શાહપુરમાં પિતા મિલકતમાં ભાગ ન આપતા તેનો દોષ પિતાના મિત્રને આપી તેની સાથે ઝઘડો કરીને બંદૂક તાકીને જાનથી મારવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સદનસીબે ફાયરિંગ ન થતાં કોઈ જાનહાનિ સર્જાઈ નહોતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જમીન દલાલીનો ધંધો કરતા મોહમદ આતિક મૂળ બનાસકાંઠાના પાલનપુરના વતની છે અને અમદાવાદના શાહપુરમાં રહે છે. તેમણે કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારે ગજુલખાન યાશીનખાન પઠાન સાથે ઘણા સમયથી મિત્રતા છે. જેથી તેમના દીકરા શાહજમાનને તેમના પિતા સાથે બનતુ નહીં હોવાથી તેને એવુ છે કે, હું તેમના પિતાને ચડામણી કરૂ છું. ગઈકાલે રાત્રે હુ વિમલ ઓટો એસેસરીઝ નામની દુકાન આગળ બેઠો હતો તે વખતે શાહજમાન આવ્યો હતો. તેણે મને કહ્યું હતું કે, મારા પિતાને મારા વિશે કેમ ચડામણી કરે છે.

## TRP અગ્નિકાંડ બાદ ઈમેજ સુધારવા પ્રયાસો

# ભાજપ દ્વારા કોર્પોરેશન સાથે મળીને 'મેયર તમારે દ્વાર' કાર્યક્રમ યોજાશે



ભારત હેડલાઇન, તા.૧૦

રાજકોટમાં સર્જાયેલા અગ્નિકાંડ બાદ લોકોમાં ઈમેજ સુધારવા માટે ભાજપ દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવનાર છે. જેમાં રાજકોટ શહેર ભાજપ દ્વારા વોર્ડ વાઇઝ 'મેયર તમારે દ્વાર' કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં અધિકારીઓને સાથે રાખી ભાજપ પદાધિકારીઓ લોકોના પ્રશ્નોનો સ્થળ પરથી જ નિકાલ કરવા પ્રયાસો કરશે. આમ સક્રિય થયેલા વિપક્ષ સામે સત્તાધારી પક્ષ અધિકારીઓ સાથે મેદાને ઉતરશે. આ કાર્યક્રમમાં મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન, શાસક પક્ષના નેતા, ઉપનેતા સહિતના પદાધિકારીઓ હાજર રહેશે.

કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન જયમીન ઠાકરે આ અંગે જણાવ્યું હતું કે, શહેરમાં રોડ-રસ્તા, પીવાનું પાણી, ડ્રેનેજ સહિતની પાયાની સુવિધાઓમાં સમસ્યા સર્જાય ત્યારે લોકો કોલ સેન્ટરમાં ફરિયાદ નોંધાવે છે. જોકે, આ ફરિયાદનાં ઉકેલ માટે દિવસો સુધી રાહ જોવી પડે છે. જેના કારણે ભાજપ દ્વારા લોકોની ફરિયાદનો સ્થળ ઉપર નિકાલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં સેવાસેતુની માફક લોકોના કોર્પોરેશનને લગતા વિવિધ પ્રશ્નોનો સ્થળ પર ઉકેલ લાવવા માટેના પ્રયાસો કરવામાં આવશે. પદાધિકારીઓ અને અધિકારીઓની સાથે બેઠક યોજીને વોર્ડવાઈઝ આ કાર્યક્રમ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ શહેરના તમામ ૧૮ વોર્ડમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને સાથે રાખી લોક દરબાર જેવો આ કાર્યક્રમ યોજવાનો નિર્ણય લીધો છે. આ અંગે ગઈકાલે સાંજે ભાજપ કાર્યાલય ખાતે કોર્પોરેશન મુખ્ય પાંચેય પદાધિકારીઓ મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષના દંડક મનીષભાઈ રાડીયા સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં એક સપ્તાહમાં શહેરનાં તમામ વોર્ડમાં 'મેયર તમારે દ્વાર' કાર્યક્રમ યોજાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.



# હવે મુસ્લિમ મહિલાઓ કરી શકશે ભરણ પોષણનો દાવો, સુપ્રીમો કોર્ટે સંભળાવ્યો ઐતિહાસિક ચુકાદો

ભારત હેડલાઇન, તા.૧૦

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઈપિભની કલમ ૧૨૫ હેઠળ મુસ્લિમ મહિલા પણ પોતાના પતિ પાસે ભરણોપોષણ માંગી શકે છે. સુપ્રીમ કોર્ટે આજે પોતાનો ઐતિહાસિક નિર્ણય સંભળાવતાં કહ્યું કે આ કાયદો તમામ ધર્મની મહિલાઓને લાગુ પડે છે. જજ બીવી નાગરત્ના અને જજ ઓગસ્ટીન જોર્જ મસીહે આ મામલાની સુનાવણી કરી હતી.

તેલંગાણા હાઈકોર્ટે મોહમ્મદ અબ્દુલ સમદને તેની ડિવોર્સી પત્નીને દર મહિને ૧૦ હજારનું ભરણ પોષણ આપવા આદેશ કર્યો હતો. હાઈકોર્ટના આ આદેશ સામે મોહમ્મદ અબ્દુલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. અરજીકર્તાએ પોતાની દલીલમાં જણાવ્યું હતું કે એક ડિવોર્સી મુસ્લિમ મહિલા ઈપિભની કલમ ૧૨૫ હેઠળ ભરણ પોષણ મેળવી શકે નહિ.

ન્યાયમૂર્તિ નાગરત્નાએ પોતાનો ફેંસલો સંભળાવતાં જણાવ્યું કે ધારા ૧૨૫ ન માત્ર વિવાહિત મહિલાઓ પરંતુ તમામ મહિલાઓ માટે લાગુ થશે. ભરણ પોષણ દાન નથી. પરંતુ પરણિત મહિલાઓનો અધિકાર છે. મહિલા કોઈ પણ ધર્મની હોય આ કાયદો બધા માટે લાગુ પડે છે. આ સાથે જ કોર્ટે છૂટાછેડા લીધેલ પત્નીના સમર્થનમાં ચુકાદો આપતાં મુસ્લિમ યાચિકાકર્તા વ્યક્તિની અરજી ફગાવી દીધી હતી.

ઈપિભની કલમ ૧૨૫ માં પત્ની, સંતાન અને માતાપિતાના ભરણપોષણ અંગે જોગવાઈઓ છે. આ કલમ હેઠળ પતિ, પિતા કે બાળકો પર આશ્રિત પત્ની હોય કે માતા-પિતા અથવા બાળકો ભરણ પોષણનો દાવો કરી શકે છે. જ્યારે આશ્રિત પાસે આજીવિકાનું કોઈ સાધન ન હોય તેવા કિસ્સામાં આ જોગવાઈઓ લાગુ પડે છે. અત્યાર સુધી મુસ્લિમ મહિલાઓ ભરણ પોષણ માટે દાવો કરી શકતી ન હતી. ઈસ્લામિક પરંપરા પ્રમાણે જો કોઈ મહિલા તેના પતિને ડિવોર્સ આપે છે તો પતિ મહિલાને માત્ર ઈદ્દત સુધી જ ભરણ પોષણ આપે છે. ઈદ્દતની ત્રણ મહિનાના સમય દરમિયાન મહિલા બીજે લગ્ન નથી કરી શકતી.



# ત્રીજી ટી૨૦માં ભારતનો ઝિમ્બાબ્વે સામે વિજય, સુંદર-ગીલનું દમદાર પ્રદર્શન

ભારત હેડલાઇન, તા.૧૦

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે રમાઈ રહેલી પાંચ ટી૨૦ ઈન્ટરનેશનલ સિરીઝની ત્રીજી મેચ આજે હરારેમાં રમાઈ હતી, જેમાં ભારતનો ૨૩ રને વિજય થયો છે. આ સાથે ટીમ ઈન્ડિયાએ ત્રણ ટી૨૦ મેચોમાંથી બે મેચ જીતી લેતા શ્રેણી વિજયની તકો ઉજળી બનાવી છે. ભારતે ટોસ જીતીને પહેલા બેટિંગ લેવાનો નિર્ણય કર્યો હતો, જેમાં ટીમ ઈન્ડિયાએ નિર્ધારીત ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૮૨ રન ખડકી દીધા હતા, જેના જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ ૨૦ ઓવરમાં છ વિકેટે માત્ર ૧૫૯ રન બનાવી શકી હતી. આજની મેચમાં ભારતીય સુકાની શુભમન ગીલ અને ઋતુરાજ ગાયકવાડની દમદાર બેટિંગ જોવા મળી હતી, તો બોલિંગમાં વોશિંગ્ટન સુંદર અને અવેશ ખાને ઝિમ્બાબ્વેની ટીમને ઘૂંટણીએ લાવી દીધું હતું. જ્યારે ઝિમ્બાબ્વે તરફથી એક માત્ર ખેલાડી ડીયોન માયર્સ શ્રેષ્ઠ બેટિંગ કરી હતી.ભારત તરફથી યશસ્વી જયસ્વાલે ૨૭ બોલમાં ચાર ફોર અને એક સિક્સ સાથે ૩૬ રન, શુભમન ગિલે ૪૯ બોલમાં સાત ફોર અને ત્રણ સિક્સ સાથે ૬૬ રન, અભિષેક શર્માએ ૯ બોલમાં એક ફોર સાથે ૧૦ રન, ઋતુરાજ ગાકવાડે ૨૮ બોલમાં ચાર ફોર અને ત્રણ સિક્સ સાથે ૪૯ રન, સંજુ સેમસને અણનમ ૧૨ રન અને રિંકુ સિંહે અણનમ એક રન નોંધાવ્યો હતો. બોલિંગની વાત કરીએ તો સૌથી વધુ વોશિંગ્ટન સુંદરે ત્રણ વિકેટ, અવેશ ખાને બે વિકેટ અને ખલીલ અહેમદે એક વિકેટ ઝડપી હતી.

# આંગણવાડી વર્કરોની બેનરો સાથે વિશાળ રેલી: અણઉકેલ પ્રશ્નો અંગે કલેક્ટર તંત્રને આવેદન




ભારત હેડલાઈન, તા.૧૦

રાજકોટ જિલ્લાની આંગણવાડી મહિલા કાર્યકરોની આજે બપોરના હોસ્પીટલ ચોકથી કલેક્ટર કચેરી સુધી વિરાટ રેલી કાઢી અણઉકેલ પ્રશ્નો અંગે કલેક્ટર તંત્રને આવેદનપત્ર સુપ્રત કરી ઉગ્ર રજુઆત કરી હતી. હોસ્પીટલ ચોકથી કલેક્ટર કચેરી સુધી યોજેલી આ રેલીમાં જિલ્લાના પાંચ તાલુકાની ૩૦૦ જેટલા આંગણવાડી મહિલા વર્કરો બેનરો-સુત્રોચ્ચાર સાથે જોડાયા હતા. આ રેલીમાં આશા વર્કરો પણ જોડાયા હતા. આંગણવાડી મહિલા વર્કરોના સંગઠનના આગેવાન કૈલાસબેને આ અંગે જણાવ્યું હતું કે આંગણવાડીના વર્કરો તેમજ આશા વર્કરોના વેતન વધારા સહિતના પ્રશ્નો છેલ્લા લાંબા સમયથી અધ્ધરતાલ લટકી રહ્યા છે. રાજકોટ સહિત તમામ જિલ્લાઓના આંગણવાડી કેન્દ્રોના મકાન ભાડા, મસાલાના બિલો, ગેસના બાટલાના પૈસા, કન્ટીજન્સી, ફ્લેક્સીફંડ વગેરેના ચુકવણા સમયસર અને નિયમીત કરવામાં આવતા નથી. જેમાં પણ મોટો ભ્રષ્ટાચાર થઈ રહ્યાનો આક્ષેપ તેઓએ કર્યો હતો. આ મામલે અગાઉ પણ લડત છેડવામાં આવી હતી. અને મુખ્યમંત્રી સુધી રજુઆતો કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી આ પ્રશ્નોનું નિરાકરણ આવેલ નથી. આંગણવાડી વર્કરો-આશા વર્કરોના વેતનમાં વધારો કરી ૨૨ હજારથી વધુ વેતન આપવાની તેઓની લાંબા સમયથી માંગણી છે. આ ઉપરાંત મોંઘવારી ભથ્થામાં પણ વખતો વખત વધારો કરવામાં આવે તેવી પણ તેઓની માંગણી છે.પરંતુ આ સહિતની એક પણ તેઓની માંગણી પેટે રાજ્ય સરકારે હકારાત્મક વલણ હજુ સુધી દાખવ્યું નથી. છેલ્લા લાંબા સમયથી તેમના પ્રશ્નો અધ્ધરતાલ લટકતા રહેતા આંગણવાડી અને આશા વર્કરોમાં ઉગ્ર રોષ ભભુકી ઉઠ્યો છે. આજે બપોરના હોસ્પીટલ ચોકથી કલેક્ટર કચેરી સુધી આંગણવાડી વર્કરો અને આશા વર્કરોની આ રેલીમાં ૩૦૦ જેટલી મહિલાઓ જોડાયા હતાં.

# રાજકોટમાં ૨૫ વર્ષિય પરિણિતાએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

૨૫ વર્ષિય પરિણિતાએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. મૃતક હજુ ૧૮ દિવસ પહેલાં જ નેપાળથી પેટ્યુ રડવા રાજકોટ આવ્યાં હતાં. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.પ્રાપ્ત વિગત મુજબ નિશાબેન લોકેશભાઈ સોની (ઉ.વ.૨૫, રહે. જવાહર રોડ, ગેલેક્સી બિલ્ડિંગની સામે, ઓપેરા ટાવર) તેણીએ ગઈ કાલે સાંજના સાડા છ વાગ્યાં આસપાસ ઓપેરા ટાવરની ઓરડીમાં પંખામાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેણીનો દિયર ઘરે આવ્યો ત્યારે નીશાબેને ગળાફાંસો ખાધાની જાણ થઈ હતી. તેણીનો પતિ ઓપેરા ટાવરમાં સિક્યુરિટીની નોકરી કરે છે.મૂળ તેઓ નેપાળના વતની છે. અને હજુ ૧૮ દિવસ પહેલાં જ રાજકોટ પેટયું રડવા આવ્યાં હતાં. મૃતક ત્રણ બહેન અને એક ભાઈમાં વચેટ હતાં. તેમજ તેઓને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવની જાણ પોલીસને થતાં તુરંત દોડી ગઈ હતી અને ક્યાં કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# કલેક્ટરના બોર્ડમાં ૩૬ કેસોની સુનાવણી

### રાજકોટ, ગોંડલ, જસદણ સહિતના વિસ્તારોના શેઢા તકરાર, પેશકદમી સહિતના અપીલના કેસોનું હિયરીંગ

ભારત હેડલાઈન, તા.૧૦

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આયોજીત કરાયેલા અપીલના બોર્ડમાં ૩૬ કેસોની સુનાવણી કરવામાં આવી હતી. કલેક્ટરના આ બોર્ડમાં રાજકોટ, ઉપરાંત ગોંડલ, જસદણ, પડધરી સહિતના વિસ્તારોના શેઢા તકરાર, પેશકદમી સહિતના કેસો મુકવામાં આવેલ હતાં જેમાં કલેક્ટર પ્રભવ જોશી દ્વારા પક્ષકારો અને તેમના વકીલોને સાંભળવામાં આવેલ હતા.અહીં એ ઉલ્લેખનીય છે કે કલેક્ટર કચેરીમાં દર બુધવારે અપીલનું આ બોર્ડ આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આજે ૩૬ કેસોનું હિયરીંગ કરવામાં આવેલ હતું. અહીં એ ઉલ્લેખનીય છે કે કલેક્ટર કચેરીમાં અપીલના કેસોનો ભરાવો થવા પામેલ હતો. જેને લઈને કલેક્ટર પ્રભવ જોશીએ અગાઉ બે સેશનમાં બોર્ડ ચલાવી અપીલના મોટાભાગના કેસોનો નિકાલ કરી દીધો છે.

# રાજકોટમાં બાલભવનમાં રમત ગમત સ્પર્ધા સંપન્ન

ભારત હેડલાઈન, તા.૧૦

બાલભવન ખાતે દર શનિવારે અવનવા કાર્યક્રમ યોજવામાં આવે છે. તે અંતર્ગત તાજતેરમાં રમત ગમત સ્પર્ધા ગોઠવવામાં આવી હતી. ૫ થી ૧૦ વર્ષના એ ગ્રુપમાં સંગીત ખુરશી સ્પર્ધામાં અસદઅલી રાઉન્ડમા પ્રથમ, સ્વરા કેસુરીયા દ્વીતીય, બ્રીજેશ જોષી તૃતીય, શ્લોક મહેતા ચતુર્થ, નીવ રાઠોડ પાંચમાં ક્રમાંકે વિજેતા



બનેલ હતા. આ વય ગ્રુપની ટાર્ગેટ બોલ સ્પર્ધામાં મહેતાશ લાખાણી પ્રથમ, બ્રીજેશ જોષી દ્વીતીય, પંશુલ ચાવડા તૃતિય, ક્રિપા પટેલ ચતુર્થ, યાના રાઠોડ પાંચમાં ક્રમાંકે વિજેતા બનેલ હતા. જયારે ૧૧ થી ૧૬ વર્ષની વયના બી ગ્રુપમાં પોટેટો સ્પર્ધામાં મીત મર્થક પ્રથમ, ભૂમિ ગઢીયા દ્વીતીય, વિવેક દસાણી તૃતિય અને પાસીંગ બોલ સ્પર્ધામાં મીસરી સેજપાલ પ્રથમ, ભૂમિ ગઢીયા દ્વીતીય, વિવેક દસાણી તૃતીય વિજેતા બનેલ. બોમ્બ ફુટયો સ્પર્ધામાં કશ્યપ કોંઢીયા પ્રથમ, મીર પાબારી દ્વીતીય, ધ્યાન દાવડા તૃતીય ક્રમાંકે વિજેતા બનેલ. તમામ વિજેતા બાળકોને ઈનામ તથા સર્ટીફીકેટ આપી સન્માનીત કરાયા હતા. ભાગ લેનાર બાળકોના વાલીઓએ સંસ્થાના ટ્રસ્ટી મનસુખભાઈ જોષી અને ઓફીસ સુપ્રિન્ટેન્ડેન્ટ કિરીટભાઈ વ્યાસ તથા બાલભવન પરિવારનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન ધર્મેન્દ્ર પંડયાએ કર્યુ હતુ.

# કોઠારિયા રાજગોર પરિવાર ગ્રુપ રાજકોટની યોજાઈ બેઠક



ભારત હેડલાઈન, તા.૧૦

બાલા હનુમાન મંદિર બ્રહ્માણી હોલ કોઠારીયા રાજગોર પરીવાર દ્વારા દર મહિનામાં યોજાતી કારોબારી સભ્યોની બેઠક રાજગોર બ્રાહ્મણ સેવા સંઘના મહામંત્રી સંજયભાઈ દવેએ હાજરી આપી હતી. સંજયભાઈનો જન્મદિવસ હોય કોઠારીયા રાજગોર પરીવારના કમિટી મેમ્બર દ્વારા કેક કાપીને જન્મદિવસની ઉજવણી કરવામાં આવેલી હતી તેમજ વિદ્યાર્થી ભુવન રાજકોટના પ્રમુખ હસમુખભાઈ જોશીએ હાજરી આપી હતી. મીટિંગને સફળ બનાવવામા મંત્રી ભરતભાઈ મહેતા, સહમંત્રી કલ્પેશભાઈ બામટા, ખજાનચી જયેશભાઈ મહેતા, પૂર્વ ચેરમેન ગોરધનભાઈ બામટા ( હાલમાં રાજકોટ શહેર વિભાગીય પ્રમુખ, પૂર્વ પ્રમુખ અનિલભાઈ જોશી (હાલમા વિદ્યાર્થી ભુવન રાજકોટના મહામંત્રી), પૂર્વ ઓડિટર રમેશભાઈ મહેતા, સલાહકાર સમીતી મેમ્બર નટુભાઈ મહેતા, તેમજ કારોબારી સભ્ય કિશોરભાઈ દવે, નરેશભાઈ મહેતા, જગદીશભાઈ ધ્રાંગડ સત્યમભાઈ મહેતા, દિનેશભાઈ ધ્રાંગડ, પંકજભાઈ તેરૈયા, અરૂણભાઈ દવે, પિયુષભાઈ તેરૈયા એ ખાસ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટના હુડકો કવાર્ટર વિસ્તારમાં પેવિંગ બ્લોક કામનો પ્રારંભ



ભારત હેડલાઇન, તા.૧૦

રાજકોટઃ શહેરના વોર્ડનં.૧૭માં હુડકો ક્વાર્ટર બંધ ગલીમાં માર્કેટ સમિતિના ચેરમેન તથા કોર્પોરેટર રવજીભાઈ મકવાણાની ગ્રાન્ટમાંથી પેવિંગ બ્લોક નાખવાનું ખાતમુહુર્ત પૂર્વ શાસકપક્ષ નેતા તથા કોર્પોરેટર વિનુભાઈ ઘવા, માર્કેટ સમિતિના ચેરમેન તથા કોર્પોરેટર રવજીભાઈ મકવાણા, કોર્પોરેટર કીર્તીબા રાણાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વોર્ડનં.૧૭ના પ્રભારી જયંતીભાઈ નોંઘણવદરા, મહામંત્રી રાજુભાઈ મકવાણા, રાજકોટ શહેર ભાજપ કિશાન મોરચો ઉપપ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ, યોગેશભાઈ ભટ્ટ, વોર્ડ મહિલા પ્રમુખ ઈલાબેન સરવૈયા, મહેન્દ્રભાઈ ગોહેલ, જયેશભાઈ સરવૈયા, દુલર્ભભાઈ વાઘેલા, વિમલભાઈ ગોહેલ, નિશાબેન, રીતાબા જાડેજા, ગૌતાબેન શેખલીયા, રીટાબેન, સુભાબેન સિંઘવ, મોનાબેન, શારદાબેન તથા લતાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મનપામાં પાંચ સફાઇ કામદારોના વારસદારને સફાઇ સહાયક તરીકે અપાઈ નિમણૂંક





ભારત હેડલાઇન, તા.૧૦

મહાનગરપાલિકા દ્વારા પાંચ સફાઇ કામદારોના વારસદારોને સફાઇ સહાયક તરીકે મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્ર સિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનિષભાઈ રાડીયા, સેનિટેશન કમિટી ચેરમેન નિલેશભાઈ જલુના વરદ હસ્તે નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતાં. મહાનગરપાલિકામાં વારસદાર સફાઇ સહાયક" તરીકે (૧) અજયભાઇ દિલીપભાઇ વાઘેલા (૨) સુમિત દિનેશભાઇ પરમાર (૩) જયદેવ બટુકભાઇ વાઘેલા (૪) શૈલેષ મંગેશભાઇ પરમાર (૫) રવિકુમાર વિનોદભાઇ વાઘેલાની નિમણૂંક કરવામાં આવી છે.

# આયુર્વેદિક હોસ્પિટલ વેલનેસ સેન્ટરના યોગ કલાસના સાધકો દ્વારા વૃક્ષારોપણ કરાયું

ભારત હેડલાઇન, તા.૧૦

યુનિવર્સિટી રોડ ઉપર સરકારી આયુર્વેદીક હોસ્પિટલ વેલનેસ સેન્ટર ખાતે વૈદ્ય પંચકર્મ ડો. હાપલીયા, આર.એમ.ઓ. ડો.દેત્રોજા, એમ.ઓ. ડો.પરમાર મેડમ તથા હોસ્પિટલ સ્ટાફની ઉપસ્થિતિમાં આયુર્વેદિક હોસ્પિટલ



વેલનેસ સેન્ટરના યોગ કલાસના સાધકો દ્વારા વૃક્ષારોપણ કરવામા આવ્યું હતું. તેમાં વાસા, અર્જુન, ગરમાળો, આમળા, બહેડા, સરગવો, અરડૂસી, એલોવેરા, ગળો જેવી હોસ્પીટલમાં દર્દીઓને ઉપયોગી થઈ શકે તેવી ઔષધી વાવવામાં આવી હતી. કાર્યક્રમનુ આયોજન યોગ ચિકિત્સક નેચરો થેરાપીસ્કટ બંસરીબેન દવે અને ટીમે કર્યું હતું.

# ત્રંબા પંથક માટે ગ્રાન્ટ ફાળવતા ભાનુબેન બાબરીયા અને જીતુ સોમાણીનો આભાર માનતા ભુપત બોદર

ભારત હેડલાઇન, તા.૧૦

રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ રાજ્યના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા તેમજ વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીનો રાજકોટ જિલ્લાના વિવિધ ગામોમાં વિકાસ કાર્યો માટે માતબર રકમની ગ્રાન્ટની ફાળવણી કરવા બદલ જાહેર આભાર વ્યક્ત કર્યો છે. જેમાં રાજકોટ જિલ્લાના કાળીપાટ ગામે એપ્રોચ રોડથી રામજી મંદિર ચોરા સુધી આર.સી.સી. રોડના કામ માટે રૂ.૪.૯૦ લાખ, કાથરોટા ગામે કોઝવે (કાથરોટા ગામે ધીરૂ જાદવ મેરની વાડી પાસે કોઝવે બનાવવાના કામ) માટે રૂ. ૪ લાખ, લોઠડા ગામે ઘટતી ભૂગર્ભ ગટર ( લોઠડા ગામે નવી સ્કુલથી બેચરભાઈ ભરવાડના ઘર તરફ ભૂગર્ભ ગટરનું કામ તથા અન્ય શેરીઓમાં ભૂગર્ભ ગટરનું કામ) રૂ. ૪ લાખ, વડાળી ગામે પેવર બ્લોક, સ્મશાનમાં ખૂટતા પેવર બ્લોકના કામ માટે રૂ.૪ લાખ, લોધીડા ગામે સુખનાથ સોસાયટીમાં પેવર બ્લોકના કામ માટે રૂ.૪ લાખ, ત્રંબા કસ્તુરબા ધામ ગામે જુના પાદર હનુમાનજી મંદીર સુધી ઘટતા







સી.સી. રોડના કામ માટે રૂ.૫ લાખ, હડમતીયા (ગોલીડા) ગામે ઘટતી ભૂગર્ભ ગટર કામ માટે રૂ. ૨ લાખ. કસ્તુરબા ધામ જિલ્લા પંચાયત સીટમાં બેસવાના બાંકડા માટે રૂ.૩ લાખનો સમાવેશ થાય છે. વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની ગ્રાન્ટમાંથી રાજકોટ જિલ્લાના સણોસરા , વાજડીગઢ પરા પીપળીયા, વેજાગામ, કુવાડવા, ફાડદંગ, માલીયાસણ હડમતીયા બેડી, મનહરપુરમાં પણ વિવિધ વિકાસકાર્યો માટે ગ્રાન્ટ માંથી માતબર રકમની ફાળવણી કરવામાં આવેલ છે. જેનાથી રાજકોટ જિલ્લાના વિવિધ ગામોમાં વિકાસને વેગ મળશે તેમ ભુપતભાઈ બોદરે જણાવ્યું હતું.

# પાંચ મહિના પહેલાં જ પરણેલી નવોઢાએ ફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું

સેટેલાઇટ ચોકમાં પાંચ મહિના પહેલાં જ પરણેલી નવોઢાએ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યુ હતું. તેમજ દૂધસાગર રોડ પર ગૃહકલેશથી કંટાળી ૩૫ વર્ષીય ફરજાનાબેન કાદરીએ પણ ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં એક પુત્ર મા વિહોણો થયો હતો. બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.રાજકોટના દૂધસાગર રોડ રિદ્ધિ સિદ્ધિ હાઉસિંગ બોર્ડ,શેરી નંબર ૧૫ માં રહેતા ફરજાનબેન રિઝવાન ભાઈ કાદરી નામના (ઉ.વ.૩૫) પરણીતાએ ગત રાત્રીના નવેક વાગ્યાના અરસામાં પોતે પોતાના ઘરે હતા ત્યારે દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ લેતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા,જ્યાં સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નીપજતાં પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# સિવિલ સર્જન ડો. મોનાલી માકડીયાએ ચાર્જ સંભાળતાની સાથે જ ઠાઠમાઠ દૂર કરી નક્કર કામગીરી આરંભી

**ઈમર્જન્સીથી માંડી તમામ વોર્ડમાં ચેકીંગ કર્યું : દર્દીઓની સારવાર સુવિધાને પ્રાધાન્ય આપવા પર ભાર મુક્યો : નિયમ મુજબ ડીનની જેમ પોતાને પણ અર્ટીગા કાર જ આપવા અને ઈનોવા પરત લઈ લેવા સુચન કર્યુ : સિક્યુરીટી ટીમને ખાસ સુચના આપી**

## અધિક્ષકની ઓફિસમાંથી વધારાના સ્ટાફને બીજી કામગીરીમાં જોડાઈ જવા કર્યો આદેશ

ભારત હેડલાઈન, તા.૧૦

રાજકોટ પીડીયુ સિવિલ હોસ્પિટલમાં તબિબી અધિક્ષક તરીકે ડો. મોનાલી માકડીયા ચાર્જ સંભાળતાની સાથે જ એક્શન લેવાનું શરૂ કર્યું છે. દર્દીઓની સારવાર અને સુવિધાને જ પ્રાધાન્ય મળે તે માટે પોતે સતત કાર્યરત રહેશે તેવું પહેલા જ સ્પષ્ટ કરી દેનારા ડો. મોનાલી માકડીયાએ પોતાની ઓફિસથી જ સુધારાની શરૂઆત કરી છે. અહિ દરવાજો ખોલવા માટે અગાઉ ગાર્ડ રખાયો હતો તેને દૂર કરાવી અન્ય જરૂરી જગ્યાએ મુકવાની સુચના આપી હતી. ઓફિસની અંદર પીએ તરીકે બેસતાં કર્મચારીઓને પણ અન્ય કામગીરી સોંપી દીધી છે. પોતે દરવાજો જાતે જ ખોલી લેશે તેમ જણાવી સાદગી દાખવી હતી અને ઠાઠમાઠની જરૂર જ નહિ હોવાનું સ્પષ્ટ કહ્યું હતું. સરકારના પરિપત્ર મુજબ પ્રોટોકોલમાં મેડિકલ કોલેજના ડીન અને સુપ્રિન્ટેન્ડેન્ટની પોસ્ટ એક કેડરની જ હોવાથી બંનેને અર્ટિગા કાર સરકારી નિયમ મુજબ ફાળવવામાં આવે છે. પણ અગાઉના અધિક્ષક ઈનોવાનો ઉપયોગ કરતાં હતાં. ડો. માકડીયાએ ઈનોવાને બદલે નિયમ મુજબ અર્ટીગા કાર જ ફાળવવા સુચના આપી હતી. આ ઉપરાંત તબિબી અધિક્ષકની ચેમ્બર ખાતે અગાઉ દરવાજો ખોલવા ખાસ ગાર્ડ રખાયા હતાં તેને પણ ડો. મોનાલી માકડીયાએ દૂર કરાવી બીજા જરૂરી સ્થળે કામગીરી સોંપવા સુચના આપી હતી. તબિબી



અધિક્ષકનો ચાર્જ સંભાળતાની સાથે જ એક્શનમાં આવી ગયેલા ડો. મોનાલી માકડીયાએ ઈમર્જન્સી વોર્ડ, મેડિસિન વિભાગ, ઓપીડીમાં ઓચીંતા વિઝીટ લીધી હતી અને તમામ સ્ટાફને કડક સૂચનાઓ આપી હતી અને નિયમોનું પાલન કરવા જણાવ્યું હતું. કોઈ સાધનો ન પાલન કરવું કે વસ્તુની જરૂરિયાત હોઈ તો ઓફિસમાં લેખિતમાં આપી જણાવી દેવા સુચન કર્યું હતું. આ ઉપરાંત દર્દીઓની સારવારને લઈ વોર્ડ સ્ટાફને યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું પાડયું હતું. એટલુ જ નહિ તેમની સરપ્રાઈઝ વિઝીટ દરમિયાન ફોટોગ્રાફી કરવાની પણ આ કામ સંભાળતા કર્મચારીને સ્પષ્ટ ના કહી દીધી હતી. તબિબી અધિક્ષક ડો.મોનાલી માકડીયા બર્ન્સ અને પ્લાસ્ટિક સર્જરી વિભાગના વડા છે માટે દરરોજ દર્દીઓ સાથે સીધો સંપર્ક ધરાવે છે. દર્દીઓને હોસ્પિટલમાં કેવી સુવિધા મળવી જોઈએ તે સહિતની હકિકતથી તેઓ વાકેફ હોઈ તેનો લાભ દર્દીઓને મળશે એ ચોક્કસ છે. સિક્યુરીટી ટીમ સાથે પણ તેમણે બેઠક યોજી હતી અને તબિબો નર્સિંગ સ્ટાફની ફરજમાં કોઈપણ વ્યક્તિ દ્વારા ખલેલ ન પહોંચે તે માટે સતત સતર્ક રહેવા અને આઈકાર્ડ ચેક કર્યા વગર સ્ટાફને પણ વોર્ડમાં એન્ટ્રી ન આપવા સુચનો કર્યા હતાં.

## જિલ્લા પંચાયતની નવી ડાયરીનું કરાશે ૧૮મીએ વિમોચન

ભારત હેડલાઈન, તા.૧૦

રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા ૧ એપ્રિલ ૨૦૨૪ થી તા. ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની ડાયરી તૈયાર કરવામાં આવી છે. જેનું વિમોચન તા. ૧૮મીએ સામાન્ય સભામાં કરવામાં આવશે. આચાર સંહિતાના કારણે ડાયરી પ્રસિદ્ધ કરવામાં મોડુ થયાનું પંચાયતના સૂત્રો જણાવે છે. ડાયરીમાં દર વખતની જેમ આ વખતે પણ ઉપયોગી ફોન નંબરો સહિતની માહિતી આપવામાં આવી છે. ડાયરીના ખર્ચ માટે જાહેરાત લેવામાં આવી હોવાથી પંચાયત પર કોઈ આર્થિક બોજ આવશે નહિ.


# વર્ક ફ્રોમ હોમ, ટાસ્ક, હોટેલ બૂકીંગ સહિતના નામે ઠગાઈ કેસમાં પોલીસે અરજદારોને નાણા પાછા અપાવ્યા



ભારત હેડલાઈન, તા.૧૦

અલગ અલગ રીતે લોકોને લલચાવી ફસાવી નાણા પડાવી લેવાના સાયબર ફ્રોડના બનાવો રોજ બનતાં રહે છે. આ રીતે ફ્રોડનો ભોગ બનેલા પાંચ અરજદારોને ગાંધીગ્રામ પોલીસે કુલ રૂા. ૪,૧૩,૩૨૧ પરત અપાવ્યા છે. એક અરજદારે ન્યુઝ પેપરમાં વર્ક ફ્રોમ હોમની જાહેરખબર વાંચી હતી અને તેમાં ડેટા એન્ટ્રીનું કામ કરવાનું હતું. તેમાં આપેલા નંબર પર ફોન કરતાં અલગ અલગ પેકેજ લેવડાવી ઠગાઈ કરવામાં આવી હતી. બીજા બનાવમાં ટેલિગ્રામમાં મેસેજ આપી અલગ અલગ ટાસ્ક પુરા કરવા કહેવાતાં શરૂઆતમાં રીફંડ અપાયું હતુ બાદમાં રકમ પરત અપાઈ નહોતી. ત્રીજા કિસ્સામાં સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર શેર બજારમાં ઉંચા વળતરની જાહેરાત જોઈ અરજદારે સંપર્ક કરતાં તેના મોબાઈલમાં ફેક એપ ડાઉનલોડ કરાવડાવી ઠગાઈ કરાઈ હતી. ચોથા બનાવમાં હોટેલ બૂકીંગ માટે ગૂગલ સર્ચ કરનાર અરજદારને એક ફોન નંબર મળતાં કોન્ટેક્ટ કરતાં રૂપિયા મેળવી લીધા બાદ ફોન બંધ કરી દેવાયો હતો. પાંચમા બનાવમાં ઓએલએક્સ પર સોફાસેટ વેંચવા મુકી રીસીવીંગ મનીનો ક્યુઆર કોડ સ્કેનર મોકલી ઠગાઈ કરાઈ હતી. આ પાંચેય અરજદારને કુલ ચાર લાખ તેર હજાર ત્રણસો એકવીસ પરત અપાયા છે. પોલીસ કમિશનર બ્રજેશ ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી પશ્ચિમ રાધિકા ભારાઈની સુચના અંતર્ગત ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પીઆઈ બી.ટી. અકબરી, એએસઆઈ જે.કે. જાડેજા, કોન્સ. હરિશભાઈ ગોહિલ, ધીરેનભાઈ મકવાણાએ આ કામગીરી કરી હતી.

# પ્રગટ ટ્રસ્ટ દ્વારા સાડી અને ચોપડાનું કરાયું વિતરણ



ભારત હેડલાઈન, તા.૧૦

દાતાઓના સહકારથી પ્રગટ ચેરીટેબટલ ટ્રસ્ટ દ્વારા ગંગા સ્વરૂપ માતાઓને નિઃશુલ્ક સાડી અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને ફુલસ્કેપ ચોપડાનું વિતરણ કરાયુ હતુ. તેમજ ખીચડી કેન્દ્રમાં દર મહિનાની માફક ખીચડીનું વિતરણ પણ કરાયુ હતુ. આ પ્રસંગે પૂર્વ ડે. મેયર માવજીભાઈ ડોડીયા, પરફેકટ સૌરાષ્ટ્રના હિરેનભાઈ હાપલીયા, વિપુલભાઈ રાઠોડ, સોફટકોમ વાળા મહેશભાઈ તન્ના, રાઠોડ મશીન ટુલ્સવાળા અશોકભાઈ રાઠોડ, વિશ્વ હિન્દુ પરીષદ બજરંગદળના મનોજભાઈ ડોડીયા, સીવીલ હોસ્પિટલ વાળા રાજુભાઈ ઉમરાણીયા, પંકજભાઈ તાવિયા, દિલીપભાઈ દવે, જયોત્સનાબેન ધ્રાંગધરીયા, અનસુયાબેન ચૌહાણ વગેરે ઉપસ્થિત રહેલ હતા. મહેમાનોના હસ્તે આ વિતરણ કરાયુ હતુ. આ માનવ સેવા કાર્યોમાં સંસ્થાના જગદીશભાઈ ભટ્ટની આગેવાની હેઠળ જયમીલ પંડયા, દેવાંગ ભટ્ટ, પરેશ ગોહેલ, ચિંતન રાચ્છ, બીપીન ગોહેલ, કશ્યપ ભટ્ટ, ધર્મેશ રાઠોડ, જયેશ માવાણી, પંકજ ભટ્ટ, બચુભાઈ માખેલા, રાજેશ ટાંક, બકુલભાઈ સરવૈયા, જયાબેન વાઘેલા, કીર્તીબેન પાનસુરીયા વગેરે સાથે જોડાયા હતા.

# રાજકોટ જિલ્લા પંચાયતના ૫૩ તલાટીઓની કરાઈ બદલી



ભારત હેડલાઈન, તા.૧૦

રાજકોટ જિલ્લા પંચાયતના ૫૩ તલાટીઓની કરાઈ બદલી કરાઈ છે જેમાં ત્રંબાના જાડેજા બેડલામાં, કોટડાના વાઘેલા લોધીકામાં, રામોદના જાન્વી પંડયા ખારચીયામાં વાજડી વીરડાના ગઢવી રોધેલમાં અને બેડીના અમીનબેનની લાખાપરમાં નિમણુંક કરાઈ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લા પંચાયત હસ્તકના ૫૩ તલાટીઓની બદલી કરવામાં આવી છે. જેમાં મોટાભાગની બદલી માંગણી મુજબ અને અમુક વહીવટી કારણસરની છે. ડી.ડી.ઓ. ડો.નવનાથ ગવ્હાણેની મંજુરીથી અને ડે.ડી.ડી.ઓ. ઈલાબેન ગોહીલની સહીથી બદલીના હુકમ થયેલ છે.

# અનઅધિકૃત વ્યાજખોરોના ચક્રમાંથી સામાન્ય નાગરીકને છોડાવવા પોલીસે કમર કસી

- **વ્યાજખોરીના સામાજિક દુષણનો અંત લાવવા રાજકોટ રેન્જ પોલીસ દ્વારા કરવામાં આવેલ કામગીરી**

ભારત હેડલાઈન, તા.૧૦

ગૃહ વિભાગ ગાંધીનગર દ્વારા રાજ્યમાં અનઅધિકૃત રીતે નાણા ધિર-ધારનો ધંધો કરતા વ્યાજખોરોના ચક્રમાં ફસાય ગયેલા નિર્દોષ લોકો કે જેમની પાસેથી વ્યાજ ખોરોએ ખોટી રીતે નાણા પડાવ્યા હોય અથવાતો ખોટી રીતે પજવણી કરતા હોય તેવા લોકોને વ્યાજખોરીના ચુંગાલમાંથી છોડાવવા, નાણા ધીરધારનો ધંધો ડાઘમુક્ત બને અને ગેરકાયદેસર વ્યાજે નાણા આપતા લોકો પર લગામ લગાવવા સારૂ રાજયભરમાં પોલીસ દ્વારા જુન-૨૦૨૪ થી એક માસ દરમ્યાન ખાસ ડ્રાઈવ શરૂ કરવામાં આવેલ છે. શ્રી અશોક કુમાર યાદવ પોલીસ મહાનિરીક્ષક રાજકોટ રેન્જ દ્વારા સદર ખાસ ડ્રાઈવનો રેન્જ હસ્તકના જિલ્લાઓના પોલીસ અધિક્ષકશ્રીઓને સુચના કરી પોતાના કાર્યક્ષેત્ર હેઠળના તમામ પોલીસ




સ્ટેશન વિસ્તારોમાં બહોળો પ્રચાર-પ્રસાર કરાવડાવી આવા અન અધિકૃત રીતે નાણા ધિર-ધારનો ધંધો કરતા વ્યાજખોરોના ચક્રમાં ફસાય ગયેલા નિર્દોષ લોકોને બચાવવા આ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે. સદર ખાસ ડ્રાઈવ દરમ્યાન રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓમાં કુલ - ૨૬ આરોપીઓ વિરધ્ધ વ્યાજખોરીના કુલ - ૧૨ ગુનાઓ દાખલ કરવામાં આવેલ છે. સદર ખાસ ડ્રાઈવ દરમ્યાન રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓમાં પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કુલ - ૧૬૪ જેટલા લોક દરબારો યોજી ભોગ બનનારની રજુઆતો સાંભળી કુલ - ૧૦ રજુઆતો મેળવી તેના ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સરકાર દ્વારા નાના-મોટા વેપાર માટે સાવ નજીવા દરે અને સબસીડીના લાભ સાથે નાણા આપવામાં આવતા હોય છે જે અન્વયે આ પ્રકારની લોન સહાય આપતા સરકારી તથા અન્ય વિભાગોના પ્રતિનિધીઓ સાથે સંકલન કરી લોન ધિરાણ અપાવવા માટે રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓમાં કુલ - ૦૯ કેમ્પોનુ આયોજન કરી કુલ - ૨૫ લોન મંજુર કરવામાં આવેલ છે આ મંજુર થયેલ લોનની કુલ રકમ રૂ.૧,૭૧,૪૦,૨૭૬/- છે.

# પ.પૂ. મહંતસ્વામી મહારાજે ૨૬ દિવસ ભકતોને ભકિતરસમાં તરબોળ કરી રાજકોટથી લીધી વિદાય

**એક સપ્તાહ ભાદરા રહેશે, ત્યારબાદ બોચાસણ મુકામે સંતો, ભકતોને દર્શનનો લાભ આપશે, તેઓના સાનિધ્યમાં ગુરૂપૂર્ણિમાં પર્વ ઉજવાશે**



ભારત હેડલાઈન, તા.૧૦

બી.એ.પી.એસ. સંસ્થાના વર્તમાન ગુરુ પ.પૂ. મહંતસ્વામી મહારાજ છેલ્લા ૨૬ દિવસથી ૧ રાજકોટ શહેરના ભક્તોને આધ્યાત્મિક ભક્તિરસમાં તરબોળ કરીને આજે સવારે ૧૦:૩૦ વાગ્યે રાજકોટથી વિદાય થયા હતા. રાજકોટ મંદિરના તમામ સંતો અને પુરુષ મહિલા કાર્યકરો તેમજ ભક્તોએ તેઓને ભાવભીની વિદાય આપી હતી. રાજકોટથી હવે તેઓનું વિચરણ આવનાર ૭ દિવસ એટલે કે તા.૧૮ જુલાઈ, ગુરુવાર સુધી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જન્મસ્થાન ભાદરા ખાતે રહેશે. ત્યારબાદ તેઓ બોચાસણ મુકામે બિરાજી સંતો ભક્તોને દર્શન અને આશીર્વચનનો લાભ આપશે. ગુરુપૂર્ણિમાનો પવિત્ર ઉત્સવ પણ તેઓની ઉપસ્થિતિમાં બોચાસણ મુકામે યોજાશે. રાજકોટ શહેરમાં ૨૬ દિવસના રોકાણ દરમિયાન પ.પૂ.મહંતસ્વામી મહારાજે સંતો અને ભક્તોને આશીર્વચન દ્વારા સત્સંગનું અમુલ્ય ભાથુ બાંધી આપ્યું હતું.